મહીસાગરમાં ૧૩૧ શાળામાં મધ્યાહ્ન ભોજન-પાણીનું સઘન ચેકિંગ કરાયું

કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ૧૦૧ ટીમો દ્વારા આકસ્મિક તપાસ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૮

મહીસાગર જિલ્લામાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના શંકાસ્પદ કેસો સામે આવ્યા બાદ બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી જિલ્લા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. કલેક્ટર અર્પિત સાગરના માર્ગદર્શન હેઠળ સતત બીજા દિવસે જિલ્લાની શાળાઓ અને આંગણવાડીઓમાં ખાદ્યસામગ્રી તથા પીવાના પાણીનું ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીની ૧૦૧ ટીમો દ્વારા ૧૩૧ પ્રાથમિક શાળાઓમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોની પણ રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. તપાસ દરમિયાન બાળકોને પીરસવામાં આવતા મધ્યાહ્ન ભોજન અને પૌષ્ટિક આહારની ગુણવત્તા, રાંધવાની રીત, અને તે માટે વપરાતા અનાજ, તેલ, મસાલા તથા શાકભાજીની શુદ્ધતાની ચકાસણી કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન રસોઈ બનાવવાની જગ્યા, વાસણોની સ્વચ્છતા તેમજ કચરાના યોગ્ય નિકાલ અંગે સંબંધિતોને કડક સૂચનાઓ આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા તમામ શાળા સંચાલકો, આચાર્યો અને આંગણવાડી કાર્યકરોને બાળકોને માત્ર શુદ્ધ પીવાનું પાણી અને તાજું, આરોગ્યપ્રદ ભોજન જ પીરસાય તેની તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે.

વાસદ સીમમાં ટ્રેનની અડફેટે યુવકનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૮

વાસદ પાસે ટ્રેનની ટક્કરે અંદાજે ૩૫ થી ૪૦ વર્ષના અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

વાસદ સીમમાં રેલવે લાઈનના ટ્રેક નંબર ૪૧૭/૨૮ થી ૪૧૭/૩૦ વચ્ચે આ દુર્ઘટના બની હતી. વડોદરાથી અમદાવાદ તરફ જતી સુપરફાસ્ટ ટ્રેન નંબર ૧૨૮૩૪ (હાવડા-અમદાવાદ સુપરફાસ્ટ) ની અડફેટે એક અજાણ્યો પુરુષ આવી ગયો હતો. ટ્રેનની જોરદાર ટક્કર વાગતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે તેનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું.આ ઘટના અંગે કાસોરના રહીશ નીતેશસિંહ માધવસિંહ મહીડા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. વાસદ પોલીસે આ મામલે અકસ્માતે મોત ગુનો નોંધી મૃતક યુવકની ઓળખ મેળવવા માટે વધુ તજવીજ હાથ ધરી છે.

મહામંત્રી પદના બંને ઉમેદવારોને ૨૯-૨૯ મત મળ્યા

બાલાસિનોર શિક્ષક સંઘની ચૂંટણી મહામંત્રી પદ માટે ચિઠ્ઠી ઉછાળાઈ

પ્રથમ દોઢ વર્ષ નરેન્દ્રસિંહ ઠાકોર અને બાકીના દોઢ વર્ષ યોગેશભાઈ પંચાલ જવાબદારી સંભાળશે

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૮

બાલાસિનોર તાલુકા શિક્ષક સંઘની વર્ષોથી બિનહરીફ થતી પ્રક્રિયા બાદ આ વખતે વર્ચસ્વ માટે ચૂંટણી યોજાઈ હતી. બાલાસિનોરની શેઠ મોના પી.એમ. પ્રાથમિક શાળા ખાતે મુખ્ય ચૂંટણી અધિકારી નટવરસિંહ પરમાર તથા સહ અધિકારીઓ રાજુભાઈ જોશી અને રમણભાઈ પટેલની નિગરાની હેઠળ શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ હતી. આ ચૂંટણીમાં ફરી એકવાર 'જુના જોગીઓ'ની પેનલે જીત મેળવી પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે.

બાલાસિનોર શિક્ષક સંઘની ચૂંટણીના પરિણામોમાં જિલ્લા પ્રતિનિધિ તરીકે નિમેષભાઈ સેવકને ૪૦ મત મળતા તેઓ વિજેતા જાહેર થયા હતા, જ્યારે પ્રતિસ્પર્ધી બાબુભાઈ પરમારને ૧૮ મત મળ્યા હતા. પ્રમુખ પદ માટે પ્રકાશભાઈ પટેલે ૩૬ મત મેળવી મહેશભાઈ પટેલ (૨૨ મત) સામે વિજય મેળવ્યો હતો.

સૌથી વધુ રસાકસી મહામંત્રી પદ માટે જોવા મળી હતી, જેમાં નરેન્દ્રસિંહ ઠાકોર અને યોગેશભાઈ પંચાલ બંનેને ૨૯-૨૯ સરખા મત મળતા ટાઈ પડી હતી. અંતે બંને ઉમેદવારોની સંમતિથી ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી, જેના નિર્ણય મુજબ કુલ ત્રણ વર્ષની ટર્મમાં પ્રથમ દોઢ વર્ષ નરેન્દ્રસિંહ ઠાકોર અને ત્યારબાદના દોઢ વર્ષ માટે યોગેશભાઈ પંચાલ મહામંત્રી તરીકે સેવા આપશે. વિજેતા ઉમેદવારોને અન્ય શિક્ષકોએ ફૂલહાર પહેરાવી અને મોઢું મીઠું કરાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ચૂંટણીમાં જુના જોગીઓની પેનલનો દબદબો યથાવત્ રહ્યો હતો.

લુણાવાડા : એસકે હાઈસ્કૂલમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો

નગરની તમામ શાળાઓમાં તબક્કાવાર કામગીરી હાથ ધરાશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૮

લુણાવાડા નગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુ અને બદલાતા વાતાવરણને કારણે મચ્છરજન્ય રોગચાળો વકરે નહીં તે હેતુથી નગરમાં સઘન સફાઈ અને દવા છંટકાવની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે તાજેતરમાં લુણાવાડાની એસ. કે. હાઈસ્કૂલ અને રાજમહેલ વિસ્તારમાં મચ્છરનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

લુણાવાડા પાલિકાની ટીમ દ્વારા ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખીને આ કામગીરી કરવામાં આવી છે. મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા અને નાગરિકોના આરોગ્યની જાળવણી માટે પાલિકા તંત્ર દ્વારા આ સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે લુણાવાડા નગરપાલિકાના પ્રમુખ કિર્તીભાઈ પટેલે જણાવ્યું હતું કે, નગરના વિદ્યાર્થીઓ અને નાગરિકોનું આરોગ્ય સચવાઈ રહે તે અમારી પ્રાથમિકતા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, એસ. કે. હાઈસ્કૂલ બાદ હવે નગરની દરેક શાળાઓમાં પણ તબક્કાવાર મચ્છરનાશક દવાનો છંટકાવ કરવામાં આવશે.

વરસાદી પાણી ભરાતા જોખમી બનેલા મુખ્ય માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં ભારે રોષ

કપડવંજના એસટી સ્ટેન્ડ સામે ખાડાના સામ્રાજ્યથી ગંભીર અકસ્માતની ભીતિ

તંત્રની ઘોર નિદ્રાથી લોકોમાં રોષ, તાત્કાલિક સમારકામ કરવા માંગ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૮

કપડવંજ શહેરના હાર્દ સમાન અને સતત ટ્રાફિકથી ધમધમતા એસટી સ્ટેન્ડ સામેના મુખ્ય માર્ગ પર હાલ ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. લાંબા સમયથી બિસ્માર બનેલા આ રસ્તા પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે અહીંથી પસાર થવું અત્યંત જોખમરૂપ બન્યું છે.

આ માર્ગ પરથી દરરોજ અસંખ્ય એસટી બસો અને આસપાસના ગામડાઓના હજારો લોકો પોતાના ખાનગી વાહનો દ્વારા અવરજવર કરે છે. ખાડાઓમાં વરસાદી પાણી ભરાયેલું હોવાથી ટૂ-વ્હીલર ચાલકોને રસ્તાની વાસ્તવિક ઊંડાઈનો અંદાજ આવતો નથી, જેના કારણે વાહનનું સંતુલન બગડવા અને અકસ્માત થવાની ઘટનાઓ વધી રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે આ સ્થળ વધુ જોખમી સાબિત થઈ શકે છે, જે કોઈ મોટી જાનહાનિ પણ નોતરી શકે છે.

આ અંગે સ્થાનિક લોકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે કે જવાબદાર અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ જ માર્ગ પરથી પસાર થતા હોવા છતાં આ ગંભીર સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા છે. જનતા સવાલ કરી રહી છે કે શું તંત્ર કોઈ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યું છે? આથી, આ માર્ગનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં માંગ ઉઠી છે.

ચારુસેટ : MPTના વિદ્યાર્થી માટે 'દીક્ષારંભ' યોજાયો

નવા શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓને નિષ્ણાતો દ્વારા વ્યાવસાયિક માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૮

ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી (MPT) ના નવા વિદ્યાર્થીઓ માટે 'એમપીટી દીક્ષારંભ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને સંસ્થાકીય પરિચય અને વ્યાવસાયિક કારકિર્દીના ઘડતર માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

આ કાર્યક્રમમાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન ૮થી વધુ તજજ્ઞ ફેકલ્ટી સભ્યોએ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની તકો, ઈન્સ્ટીટ્યુશનલ સપોર્ટ સિસ્ટમ્સ, ડિજિટલ લર્નિંગ અને વ્યાવસાયિક નૈતિકતા જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત એલ્મની ઈન્ટરએક્શન, પ્રેરણાત્મક વક્તવ્યો અને કેમ્પસ વિઝીટ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે રહેલી તકોથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ARIP ના પ્રિન્સિપાલ ડો. ધ્રુવ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનનું સફળ સંકલન ડો. ભાર્ગવ પટેલ અને ડો. કૃષ્ણા વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થી સ્વયંસેવકો ધ્રુવી પારેખ અને નિક્કી પટેલે સહયોગ આપ્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજ શહેરની શેઠ એમ.પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

કપડવંજ | કપડવંજની શેઠ એમ.પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિના માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે માધ્યમિક શાળા સમિતિના ચેરમેન ડો. ઉત્કર્ષ પટેલના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દેશપ્રેમના જુસ્સા સાથે સમગ્ર શાળા પરિવારે આ રાષ્ટ્રીય પર્વની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરી હતી.

મહિલા મનોવિકાસ સંસ્થા ૨૩૪ રાષ્ટ્રધ્વજ નિર્માણ કરી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ માટે દાવેદારી કરી

આણંદ | ચરોતર ક્રોશેટ ક્વીન્સના ડાયરેક્ટર કોમલ નિરંજનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ તેમજ સહ ડાયરેક્ટરોની પહેલથી આ કાલ (ક્રોશેટ અલોન્ગ) કરવામાં આવ્યું હોઈ .જેમા ક્રોશેટ હુક અને ઉનથી રાષ્ટ્ર ધ્વજ તૈયાર કરવામાં આવ્યા છે. મહિલા મનોવિકાસ સંસ્થા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા જઈ રહી છે ત્યારે તેઓને સહયોગકરવા આ રાષ્ટ્ર ધ્વજ તૈયાર કરવામાં આવ્યાં છે . બધાં સભ્યોએ ભેગા મળી કુલ ૨૩૪ રાષ્ટ્ર ધ્વજ બનાવ્યા. તેમાં મંદાબેનએ સૌથી વધારે ૭૩ રાષ્ટ્ર ધ્વજ બનાવ્યા. પોતાના હાથે ક્રોશેટથી બનાવેલ રાષ્ટ્ર ધ્વજ ગિનીશ વર્લ્ડ રેકોર્ડ થાય તેવા શુભ હેતુથી આ કાર્ય કરવામાં આવ્યું છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ફાગવેલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ટ્રાફિક જાગૃતિ અભિયાન અને 'રાહવીરો'નું સન્માન

કપડવંજ | ફાગવેલ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ખેડા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજી લોકોને પ્લેમ્લેટ વિતરણ અને હેલમેટ પહેરવા અપીલ કરવામાં આવી હતી. માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુના દરમાં ઘટાડો કરવાના ઉદ્દેશ્ય સાથે પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માર્ગ અકસ્માતના ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરનાર ૫ નિ:સ્વાર્થ 'રાહવીરો'નું કલેક્ટરના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ટ્રાફિક અવેરનેસના બેનરો પ્રદર્શિત કરી ઉપસ્થિત રહ્યાં હતાં.

સોજિત્રામાં વન્યજીવોના રક્ષકોનું સન્માન: 'પ્રકૃતિના રક્ષકો'ને એવોર્ડ એનાયત કરાયો

સોજિત્રા | સોજિત્રાના ક્ષેમ કલ્યાણી મંદિર ખાતે દયા ફાઉન્ડેશનના વોલન્ટિયરો અને વન વિભાગના કર્મચારીઓની નિ:સ્વાર્થ વન્યજીવ સેવાને બિરદાવવા માટે સન્માન સમારોહ યોજાયો હતો. પરમાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ સહિત વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં જીવના જોખમે વન્યજીવો બચાવનારા સેવાભાવીઓને 'વન્યજીવ સંરક્ષણ એવોર્ડ' એનાયત કરાયા હતા. આ રક્ષકો પોતાની સલામતીની પરવા કર્યા વિના સાપ, અજગર અને મગર જેવા જીવોને રેસ્ક્યુ કરી તેમને સુરક્ષિત રીતે કુદરતી વાતાવરણમાં મુક્ત કરવાની પ્રશંસનીય કામગીરી કરે છે.

સરદાર પટેલ યુનિવર્સિટી કુસ્તી સ્પર્ધામાં SVICAનો વિદ્યાર્થી ધ્રુવ બારોટ વિજેતા બન્યો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર-કોલેજ કુસ્તી સ્પર્ધામાં વાસદની SVICA સંસ્થાના વિદ્યાર્થી ધ્રુવ બારોટે ૫૭ કિલો વર્ગમાં શાનદાર પ્રદર્શન કરી વિજેતાપદ મેળવ્યું છે. સતત ત્રણ બાઉટ જીતી ફાઇનલમાં વિજયી બનેલા ધ્રુવની તેની કુશળતાના આધારે આંતર-યુનિવર્સિટી ટીમ પસંદગી માટેના કેમ્પમાં પણ પસંદગી કરવામાં આવી છે. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ઇન્ચાર્જ ડાયરેક્ટર ડો. ગુરુ સેવકસિંહ સગુ અને કન્વીનર ડો. મહેન્દ્રસિંહ મંડોરાની ઉપસ્થિતિમાં વિજેતા ખેલાડીને ટ્રોફી એનાયત કરાઈ હતી. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ SVIT વાસદના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ અને સમગ્ર ટ્રસ્ટ પરિવાર તરફથી ધ્રુવ બારોટ અને તેના કોચને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આણંદની પી. એમ. પટેલ કોલેજમાં ૮૦માં સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી કરાઇ

આણંદ | આણંદ સ્થિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે ૮૦માં સ્વતંત્રતા દિનના રાષ્ટ્રીય પર્વની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઇ હતી. આ અવસરે કોલેજ દ્વારા દેશભક્તિના રંગે રંગાઈને આઝાદીના પર્વને ગૌરવભેર અને ભવ્ય રીતે મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે એપીએમએસના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)ની વિશેષ ઉપસ્થિતિમાં ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વાઇસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજીસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના યુગ્માબેન પટેલ, ડાયરેક્ટર ડો. એ. આર. પરીખ,ચંદુભાઈ ચુડાસમા, રાષ્ટ્રભક્ત ધર્મેન્દ્ર પાઠક, કલાકાર શશી પારેખ સહિતના આગેવાનોની ઉપસ્થિતિ રહ્યાં હતાં.

ચારુતર વિદ્યામંડળ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ (CVM) દ્વારા ભારતની આઝાદીના ૮૦મા વર્ષ નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. મંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવી શહીદોને અંજલિ આપી હતી અને માનદ મંત્રી ડો. એસ. જી. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ અવસરે વીપી એન્ડ આરપીટીપી સાયન્સ કોલેજના એનસીસી કેડેટ્સ દ્વારા શિસ્તબદ્ધ પરેડનું આકર્ષક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંડળના હોદ્દેદારો, વિવિધ સંસ્થાઓના વડાઓ અને કર્મચારીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કારધામમાં દેશભક્તિના માહોલ વચ્ચે સ્વાતંત્રતા પર્વની ઉજવણી કરાઇ

નડિયાદ | નડિયાદ સ્થિત બ્રહ્મર્ષિ સંસ્કારધામમાં બ્રહ્મર્ષિ પરિવાર દ્વારા ઋષિકુમારો અને સ્ટાફની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વાતંત્રતા પર્વનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વક્તવ્ય, ગીત, નૃત્ય અને યોગાસન જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રધાનાચાર્ય ડો. અમૃતલાલ ભોગાયતાએ 'સ્વકર્તવ્ય પાલન એ જ સાચી સેવા'નો સંદેશ આપ્યો અને ડો. સંજયકુમાર બ્રહ્મભટ્ટે રાષ્ટ્રધર્મનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ દેવેન્દ્રભાઇ દવેએ બાળકોને 'સ્વચ્છ હી સ્વતંત્રતા'નો મંત્ર આપી રાષ્ટ્રહિતના કાર્યો કરવા માટે પ્રેરિત કર્યા હતા.

આણંદની સરદાર પટેલ હાઈસ્કૂલમાં તિરંગા યાત્રા અને 'વંદે માતરમ્' પર્વની ભવ્ય ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ખેતીવાડી સ્થિત હાઈસ્કૂલથી બોરસદ ચોકડી સુધી દેશભક્તિના માહોલમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલી આ યાત્રામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાથમાં તિરંગો ધારણ કરી ઉત્સાહભેર જોડાયા હતા. શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને દેશના જવાબદાર અને રાષ્ટ્રપ્રેમી નાગરિક બનવા માટે પ્રેરણાદાયી સંદેશ પાઠવ્યો હતો. નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને માતૃભૂમિ પ્રત્યે ગૌરવભાવ મજબૂત કરવાના ઉમદા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે 'નશામુક્ત ભારત'ના શપથ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી ખાતે મુખ્ય અતિથિ જ્યોત્સનાબેન મંડાણિયાના હસ્તે ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્ર નિર્માણના હેતુથી આ અવસરે 'નશામુક્ત ભારત' અભિયાન અંતર્ગત તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા સામૂહિક શપથ લેવાયા હતા. સ્વસ્થ અને જવાબદાર સમાજ ઘડતર માટેના આ કાર્યક્રમમાં શાળા પરિવાર અને નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદ કૃષિ યુનિ. ખાતે ૪૩ ખેડૂતો માટે 'પ્રાકૃતિક કૃષિ'નો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા આણંદ, વડોદરા, મહેસાણા અને અરવલ્લી જિલ્લાના ૨૧ ભાઈઓ અને ૨૨ બહેનો મળી કુલ ૪૩ ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખેડૂતોને જીવામૃત, બીજામૃત અને દશપર્ણિઅર્ક જેવા વિવિધ આયામોની પ્રાયોગિક તાલીમ સાથે દેશી ગાયનું મહત્વ, મિશ્ર પાક પદ્ધતિ અને મૂલ્યવર્ધન અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓને નરસંડા અને બોરીઆવીના પ્રગતિશીલ પ્રાકૃતિક ફાર્મ તેમજ યુનિવર્સિટીના વેચાણ કેન્દ્ર અને એગ્રોનોમી ફાર્મ પરના વિવિધ પાક અખતરાઓની રૂબરૂ મુલાકાત કરાવીને વિશેષ સમજણ આપવામાં આવી હતી.